

નવસર્જન સંસ્કૃતિ

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 261
Dt.: 26-07-2025,
Saturday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### CDS જનરલ અનિલ ચૌહાણનું સૂચક નિવેદન

# ઓપરેશન સિંદૂર હજુ પણ યથાવત્ છે, સેના ૨૪ કલાક તૈયારીમાં રહે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ **(CDS)** જનરલ અનિલ ચૌહાણે દિલ્હીમાં સંરક્ષણ સેમિનારમાં ઑપરેશન સિંદૂર મામલે મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, ઓપરેશન સિંદૂર હજુ યથાવત્ છે, સેના ૨૪ કલાક તૈયાર રહે. આપણી તૈયારીનું સ્તર ખૂબ જ ઊંચુ રહેવું જોઈએ અને આપણે ૨૪ કલાક અને ૩૬૫ દિવસ તૈયાર હોવા જોઈએ. યુદ્ધની બદલાતી રીતોના કારણે સૈનિકોએ વૉરિયરની જેમ સૂચના, ટેકનોલોજીની અને યુદ્ધના કૌશલથી સજ્જ થવું જોઈએ. સેના માટે શસ્ત્ર અને શાસ્ત્ર (જ્ઞાન) બંને શીખવાની જરૂર છે.

સીડીએસએ અત્યાધુનિક યુદ્ધની બદલાતી રણનીતિ પર અંગે પણ મહત્ત્વની વાતો કહી છે. તેમણે કહ્યું કે, આજે જે લડાઈ થઈ રહી છે, તે માત્ર સરહદ પર પૂરી થતી નથી અને બંદૂક-ટેક્ર સુધી પણ સીમિત રહી નથી, પરંતુ તે હવે પારદર્શી, તીવ્ર અને ટેકનોલોજીની દ્રષ્ટિએ ખૂબ જ જટિલ થઈ ગઈ છે, જે ત્રીજી સૈન્ય ક્રાંતિ સમાન છે. આજના યોદ્ધાઓએ વ્યૂહાત્મક, કાર્યકારી અને રણનીતિક ત્રણેય સ્તરે સજ્જ થવાની જરૂર છે. એટલું જ નહીં તેઓએ જમીન, પાણી, હવાની સાથે સાથે સાયબર અને કૉગ્નિટિવ વૉરફેર જેવા નવા યુદ્ધમાં લડવા માટે સક્ષમ બનવું પડશે. આજના યુગમાં ડ્રોન હુમલા, સાયબર એટેક, હથિયાર વગરનું યુદ્ધ અને અવકાશમાં અચડણોનો એક સાથે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

જનરલ ચૌહાણે કન્વર્જન્સ વોરફેયર શબ્દનો ઉલ્લેખ કરી કહ્યું કે, 'આજે કાઈનેટિક અને નૉન-કાઈનેટિક (પારંપરિક અને ડિજિટલ) યુદ્ધ એકબીજામાં ભળી ગયા છે. પહેલી અને બીજી પેઢીના યુદ્ધ આજે ત્રીજી પેઢીના સાઈબર અને એઆઈ આધારિત યુદ્ધ સાથે ભળી ગયા છે.




ભવિષ્યમાં આપણને એવા 'હાઈબ્રિડ વૉરિયર'ની જરૂર પડશે,

## યુદ્ધની બદલાતી રીતોના કારણે સૈનિકોએ હવે વૉરિયરની જેમ સૂચના, ટેકનોલોજીની અને યુદ્ધના કૌશલથી સજ્જ થવું જોઈએ: CDS અનિલ ચૌહાણ

જે બોર્ડર લડી શકે, રણમાં રણનીતિ બનાવી શકે, શહેરોમાં કાઉન્ટર-ઈમરજન્સી ઓપરએશન ચલાવી શકે, ડ્રોનને નિષ્ક્રિય કરી શકે, સાઈબર હુમલાનો જવાબ આપી શકે અને પ્રભાવશાળી માહિતી અભિયાન ચલાવી શકે.' તેમણે વધુમાં કહ્યું કે, આપણને ટેક વૉરિયર્સ, ઈન્ફો વૉરિયર્સ અને સ્કૉલર વોરિયર્સ જેવા ત્રણ પ્રકારના યોદ્ધાઓની જરૂર પડશે. ટેક વૉરિયર્સ એઆઈ અને સાયબર શક્તિનો ઉપયોગ કરી શકશે, ઈન્ફો વોરિયર્સ નૈરેટિવ્સને આકાર આપવાની સાથે ખોટી સૂચનાઓનો મુકાબલો કરી શકશે, જ્યારે સ્કૉલર વૉરિયર્સ રણનીતિ અને યુદ્ધ વિજ્ઞાનની ઊંડા સમજ સાથે નિર્ણય લઈ શકશે. ભવિષ્યના યુદ્ધો માટે સૈનિકોમાં આ ત્રણેય ભૂમિકા એક મોટી જરૂરિયાત બની જશે. આ જ આધુનિક યુદ્ધની નવી પરિભાષા છે.

## છત્તીસગઢમાં ૬૬ જેટલાં નક્સલીઓનું સમર્પણ, રૂ.૨.૨૭ કરોડનું ઈનામ હતુ

(સંપૂર્ણ સમાચાર સેવા)રાયપુર

છત્તીસગઢમાં સુરક્ષા દળો દ્વારા ચલાવવામાં આવી રહેલા નક્સલી ઓપરેશનની મજબૂત અસર હવે દેખાઈ રહી છે.

છેલ્લા બે વર્ષમાં નક્સલી એન્કાઉન્ટરમાં જે રીતે સફળતા મળી છે, તે રીતે લાલ આતંક હવે બેકફૂટ પર આવતો જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત પુનર્વસન નીતિ અને 'નેયદા નેલાનાર' અભિયાનની પણ અસર પણ દેખાઈ રહી છે. આ દરમિયાન ગુરુવારે છત્તીસગઢના ૫ જિલ્લાઓના કુલ ૬૬ નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું છે. જેમાં સુકમા (૫), નારાયણપુર (૮), દાંતેવાડા (૧૬), કાંકેર (૧૩) અને બીજાપુર (૨૫) સામેલ છે. મોટાભાગના નક્સલીઓ પર ઈનામ હતું, જેની કુલ રકમ રૂ. ૨.૨૭ કરોડ છે. આત્મસમર્પણ કરનારા નક્સલીઓને સરકાર દ્વારા રૂ. ૫૦-૫૦ હજારનું પ્રોત્સાહન પણ આપવામાં આવ્યું છે.

તમામ આત્મસમર્પણ કરનારા નક્સલીઓને રાજ્ય સરકાર દ્વારા ચલાવવામાં આવતી પુનર્વસન યોજના હેઠળ સહાય આપવામાં આવશે. આમાં સુરક્ષા, રહેઠાણ, આજીવિકા અને સામાજિક પુનર્વસનનો સમાવેશ થાય છે.

### અમેરિકામાં રહેલી તમામ કંપનીઓની જરૂર છે: યુએસ પ્રમુખ

## મારે એલનની જરૂર છે, તેની કંપનીઓ તબાહ કરવાની વાત ખોટી: ટ્રમ્પ

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એલન મસ્કની કંપનીઓ પર તલવાર લટકી રહી હોવાની અફવાઓ અંગે સ્પષ્ટતા કરી છે. ટ્રમ્પે કહ્યું કે, આમ કહેવું ખોટું છે કે હું મસ્કની કંપનીઓને મળનારી સરકારી સબસિડી ખતમ કરવાનો છું.



ટ્રમ્પે નિવેદનમાં જણાવ્યું કે, હું એલન મસ્કની કંપનીઓને તબાહ કરી દઈશ, અને તેની મોટી સરકારી સબસિડી છીનવી લઈશ. આ તદન ખોટું છે. હું ઈચ્છું છું કે મસ્ક અને આપણા દેશમાં કામ કરતા તમામ બિઝનેસ આગળ વધે અને અગાઉ કરતા પણ વધુ વિકાસ કરે.એલન મસ્કની જરૂર છે, અલબત્ત યુએસમાં રહેલી તમામ કંપનીઓની જરૂર છે. આ લોકો જેટલો સારો બિઝનેસ કરશે, તેટલો જ અમેરિકાને ફાયદો થશે. અને આ આપણા તમામ માટે સારું છે. અમે દરરોજ રેકોર્ડ બનાવી રહ્યા છીએ, અને હું ઈચ્છું છું કે આવું જ ચાલતું રહે તેમ યુએસ પ્રમુખે ટ્રુથ સોશિયલ પર પોસ્ટ કર્યું હતું. ટ્રમ્પે એલન મસ્ક પ્રત્યે આ પ્રકારનું નરમ વલણ તાજેતરમાં સૌપ્રથમ વખત દર્શાવ્યું છે. અગાઉ આ મહિનાની શરૂઆતમાં તેમણે મસ્કની કંપનીઓને મળનારી અબજો ડોલરની સબસિડી ખતમ કરવાના સંકેત આપ્યા હતા. મસ્કે ટ્રમ્પના બિગ બ્યુટિફુલ બિલની ટીકા કરી હતી જે બાદમાં સેનેટમાં પાતળી બહુમતિથી પસાર થયું હતું. આ બિલમાં સબસિડીને નાબૂદ કરવાની દરખાસ્ત કરાઈ હતી. ટ્રમ્પ સરકાર હાલમાં જે સબસિડી આપે છે, તેનાથી ટેસ્લા સહિતની ઈલેક્ટ્રિક વ્હીકલ નિર્માતા કંપનીઓને મોટો ફાયદો મળે છે.

મસ્ક એક સમયે ટ્રમ્પના ખાસ મિત્રમાં સ્થાન ધરાવતા હતા અને તે ટ્રમ્પના પ્રમુખ તરીકેના બીજા કાર્યકાળમાં કાર્યદક્ષતા વિભાગમાં મહત્વના પદે હતા. પરંતુ બિલને લઈને ઉઠેલા વિવાદ બાદ મસ્કે હોદ્દા પરથી રાજીનામું આપી દીધું હતું. થોડા દિવસો બાદ ટેસ્લાના સીઈઓએ અમેરિકન પાર્ટી નામે નવો રાજકીય પક્ષ સ્થાપવાની જાહેરાત કરી હતી.

### CAG ના તાજેતરના અહેવાલમાં ધડાકો

## બિહાર સરકાર પાસે ૭૧૦૦૦ કરોડ ક્યાં વાપર્યા તેનનો હિસાબ જ નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

બિહાર સરકારને કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ **(CAG)** ના તાજેતરના અહેવાલમાં ઠપકો આપવામાં આવ્યો છે. અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે રાજ્ય સરકાર અત્યાર સુધી ૭૦,૮૭૭.૬૧ કરોડ રૂપિયાનો હિસાબ રજૂ કરવામાં નિષ્ફળ રહી છે. આ રકમ વિવિધ યોજનાઓ અને પ્રોજેક્ટ્સ માટે જાહેર કરવામાં આવી હતી, પરંતુ નિર્ધારિત સમયમર્યાદા સુધીમાં તેના ઉપયોગનો પુરાવો આપવામાં આવ્યો ન હતો.

ગુરુવારે રાજ્ય વિધાનસભામાં ઝછ૭૪ રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો. તેમાં કહેવામાં આવ્યું છે કે ૩૧ માર્ચ, ૨૦૨૪ સુધી એકાઉન્ટન્ટ જનરલ (એકાઉન્ટ્સ અને એન્ટાઈટમેન્ટ્સ), બિહારને કુલ ૪૯,૬૪૯ બાકી ઉપયોગિતા પ્રમાણપત્ર **(UC)** મળ્યા નથી. આ નિયમોનું સીધું ઉલ્લંઘન છે, કારણ કે કોઈપણ યોજનાની રકમ જાહેર થયા પછી સમયસર **UC** આપવું ફરજિયાત છે.

અહેવાલમાં ચેતવણી આપવામાં આવી છે કે **UC** ના અભાવે, ખાતરી કરી શકાતી નથી કે પૈસા ખરેખર હેતુપૂર્વક ઉપયોગમાં લેવાયા છે કે નહીં. આનાથી ઉચાપત, દુરુપયોગ અને નાણાકીય અનિયમિતતાઓની શક્યતા વધી જાય છે.

રિપોર્ટ મુજબ, પંચાયતી રાજ વિભાગ **UC** જમા ન કરાવનારા મુખ્ય વિભાગોમાં મોખરે છે, જેની પાસે ૨૮,૧૫૪.૧૦ કરોડ રૂપિયાની બાકી રકમ છે. આ પછી શિક્ષણ વિભાગ (૧૨,૬૨૩.૬૭ કરોડ રૂપિયા), શહેરી વિકાસ વિભાગ (૧૧,૦૬૫.૫૦ કરોડ રૂપિયા), ગ્રામીણ વિકાસ વિભાગ (૭,૮૦૦.૪૮ કરોડ રૂપિયા) અને કૃષિ વિભાગ (૨,૧૦૭.૬૩ કરોડ રૂપિયા) આવે છે. **CAG** એ પણ જાહેર કર્યું કે ૧૪,૪૫૨.૩૮ કરોડ રૂપિયા ૨૦૧૬-૧૭ કે તે પહેલાંના છે, જે હજુ પણ બાકી છે.

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે રાજ્યનું કુલ બજેટ ૩.૨૬ લાખ કરોડ રૂપિયા હતું, પરંતુ સરકારે ફક્ત ૨.૬૦ લાખ કરોડ રૂપિયા એટલે કે ૭૯.૯૨% ખર્ચ કર્યા. આ ઉપરાંત ૬૫,૫૧૨.૦૫ કરોડ રૂપિયાની કુલ બચતમાંથી ફક્ત ૨૩,૮૭૫.૫૫ કરોડ રૂપિયા (૩૬.૪૪%) પરત આવ્યા. અહેવાલમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે રાજ્યની કુલ જવાબદારીઓમાં પાછલા વર્ષની સરખામણીમાં ૧૨.૩૪%નો વધારો થયો છે, જે નાણાકીય વ્યવસ્થાપનની સ્થિતિ પર પ્રશ્નો ઊભા કરે છે. આ ઝછ૭૪ રિપોર્ટ બિહાર સરકારની નાણાકીય શિસ્ત અને પારદર્શિતા પર ગંભીર પ્રશ્નો ઉભા કરે છે.

### ચૂંટણી પંચનો આદેશ

## બિહાર રાજ્યની જેમ દેશભરમાં મતદારોનું વેરિફિકેશન હાથ ધરાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

ચૂંટણીપંચે મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન **(SIR)** અંગે મહત્ત્વનો નિર્ણય લીધો છે. બિહારની જેમ હવે દેશભરમાં **SIR**ની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. ચૂંટણીપંચ અનુસાર, મતદાર યાદીઓની તટસ્થતા અને વિશ્વસનીયતા સુનિશ્ચિત કરવાની બંધારણીય જવાબદારી નિભાવવા માટે દેશભરમાં **SIR** શરૂ કરવામાં આવશે. અહેવાલો અનુસાર, ચૂંટણી પંચે ૨૪મી જૂનના રોજ મતદાર યાદીઓના ખાસ સઘન સુધારા અંગેના આદેશમાં જણાવ્યું હતું કે, ચૂંટણીપંચ હવે મતદાર યાદીઓની અખંડિતતાને સુરક્ષિત રાખવા માટેના તેના બંધારણીય આદેશનું પાલન કરવા માટે દેશભરમાં ખાસ સઘન સુધારા શરૂ કરવાનો નિર્ણય લીધો છે. દેશના બાકીના ભાગોમાં **SIR** માટેનું શેડ્યૂલ યોગ્ય સમયે જાહેર કરાશે.'

ચૂંટણીપંચ દ્વારા શરૂ કરાયેલી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન **(SIR)** પ્રક્રિયા હેઠળ, દેશભરમાં ડુપ્લિકેટ, મૃત અથવા અયોગ્ય મતદારોની ઓળખ કરવામાં આવશે અને મતદાર યાદીમાંથી તેમના નામ દૂર કરવામાં આવશે. ખાસ કરીને એવા મતદારોની ઓળખ કરવામાં આવી રહી છે જેઓ કાયમી અને વર્તમાન બંને સરનામાં પર નોંધાયેલા છે. અહેવાલો અનુસાર, બિહારમાં **SIR** હેઠળ હાથ ધરવામાં આવેલી તપાસમાં ૧૮ લાખ મૃત મતદારો, ૨૬ લાખ મતદારો જેમણે પોતાની વિધાનસભા બેઠક બદલી છે અને ૭ લાખ ડુપ્લિકેટ એન્ટ્રીઓ મળી આવી હતી.

### મામલો દિલ્હી હાઈકોર્ટને સુપરત

## સુપ્રીમ કોર્ટે 'ઉદયપુર ફાઈલ્સ'ની રિલીઝ પર રોક લગાવવાનો ઈનકાર કર્યો

### કોર્ટે સ્પષ્ટ કર્યું કે તેણે આ મામલે ગુણદોષ પર કોઈ ટિપ્પણી કરી નથી અને અંતિમ નિર્ણય હાઈકોર્ટ પર છોડ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રાજસ્થાનના ઉદયપુરના કન્હૈયાલાલ સાહુની હત્યા પર આધારિત ફિલ્મ 'ઉદયપુર ફાઈલ્સ' થોડાક સમય પહેલા વિવાદમાં આવી હતી. સુપ્રીમ કોર્ટે શુક્રવારે મોટો નિર્ણય લીધો અને કહ્યું કે તેના તરફથી ઉદયપુર ફાઈલ્સની રિલીઝ પર કોઈ પ્રતિબંધ નથી. સુપ્રીમ કોર્ટે કહ્યું, આ કોર્ટે યોગ્યતાઓ પર કોઈ ટિપ્પણી કરી નથી. યોગ્ય આદેશ પસાર કરવો તે દિલ્હી હાઈકોર્ટ પર નિર્ભર છે.

ઉદયપુર ફાઈલ્સ ફિલ્મનો વિરોધ એ દાવો કરીને કરવામાં આવી રહ્યો છે કે તે રાજસ્થાનના દરજી કન્હૈયાલાલની હત્યા પર આધારિત છે. સુપ્રીમ કોર્ટે આ કેસ દિલ્હી હાઈકોર્ટમાં મોકલી દીધો છે અને અરજદારોને હાઈકોર્ટમાં પોતાની દલીલો રજૂ કરવા કહ્યું છે. હાઈકોર્ટને સોમવારે જ આ કેસની સુનાવણી કરવાનું કહેવામાં આવ્યું છે. ફિલ્મ નિર્માતાએ સુપ્રીમ કોર્ટમાંથી પોતાની અરજી પાછી ખેંચી લીધી છે. સુપ્રીમ કોર્ટે ફિલ્મ નિર્માતાઓને હાઈકોર્ટના આદેશ સામે સુપ્રીમ કોર્ટમાંથી અરજી પાછી ખેંચવાની મંજૂરી આપી છે. કોર્ટે કહ્યું કે સેન્ટ્રલ કમિટીના આદેશથી તેમની અરજી અર્થહીન બની ગઈ છે. સુનાવણી દરમિયાન, જસ્ટિસ સૂર્યકાંતે નિર્માતાના વકીલને કહ્યું, આ બધા વિવાદોએ ફિલ્મને સારી પ્રસિદ્ધિ આપી છે. જેટલી વધુ પ્રસિદ્ધિ હશે, તેટલા વધુ લોકો તેને જોશે. મને નથી લાગતું કે તમને કોઈ નુકસાન થશે. હકીકતમાં, નિર્માતા વતી ગૌરવ ભાટિયાએ કહ્યું હતું કે સેન્સર બોર્ડ અને સરકારની મંજૂરી છતાં, મારા આખા જીવનનું રોકાણ બરબાદ થઈ ગયું. જસ્ટિસ કાંતે કહ્યું હતું કે અમે કોઈ સ્ટે ઓર્ડર આપી રહ્યા નથી, હાઈકોર્ટ તેના પર વિચાર કરશે. ફિલ્મને હાલમાં આ ફોર્મેટમાં રિલીઝ કરી શકાતી નથી. હાઈકોર્ટ સોમવારે તેના ગુણદોષ પર આ મામલાની સુનાવણી કરશે. ગૌરવ ભાટિયાએ સુપ્રીમ કોર્ટને કહ્યું કૃપા કરીને આ ચાર નિર્ણયો જુઓ જેમાં સુપ્રીમ કોર્ટે સ્ટે ઉઠાવી લીધો છે. તેઓ હાઈકોર્ટમાં દલીલ કરી શકે છે કે કોર્ટે આના પર સ્ટે ઓર્ડર કેમ આપવો જોઈએ અને સ્ટે મેળવવો જોઈએ. મેં પહેલાથી જ ૧૨ દિવસ બગાડ્યા છે. જસ્ટિસ સૂર્યકાંત– ૧૨ દિવસનું નુકસાન નથી, જેટલી તમને પ્રસિદ્ધિ મળી છે, જે ફિલ્મ માટે વધુ સારી સાબિત થશે. ગૌરવ ભાટિયા– ફિલ્મ રિલીઝ માટે ૧૨૦૦ સ્ક્રીન બુક કરવામાં આવી હતી. ઘણા પૈસાનું રોકાણ કરવામાં આવ્યું હતું. કોઈની લાગણી દુભાશે એમ કહીને તમે કોર્ટમાં આવીને સ્ટે માંગો છો.

## રાજ્યસભામાંથી વિપક્ષને ઝટકો લાગ્યો, હવે લોકસભા પર નજર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશની ન્યાયપાલિકામાં ભ્રષ્ટાચારના ગંભીર આરોપો ફરીથી સંસદ અને જનતામાં પ્રશ્નો ઉભા કરી રહ્યા છે. દિલ્હી હાઈકોર્ટમાં પદસ્થિત અને હવે અલ્હાબાદ હાઈકોર્ટમાં ટ્રાન્સફર થયેલા જસ્ટિસ યશવંત વર્મા સામે મહાભિયોગ ચલાવવાની વિપક્ષી પક્ષોની માંગને રાજ્યસભાએ સ્વીકાર કરી નથી. સૂત્રોના જણાવ્યા મુજબ આ પ્રસ્તાવ રાજ્યસભામાં ક્યારેય ઔપચારિક રીતે સ્વીકારવામાં આવ્યો જ નથી, તેથી તેને પાછો ખેંચવાનો સવાલ જ નથી. જો પ્રસ્તાવ મંજૂર થાય, તો ત્રણ લોકોની એક ટીમ બનાવવામાં આવશે. જેમાં એક સુપ્રીમ કોર્ટના જજ, એક હાઈકોર્ટના જજ અને એક જાણીતા કાનૂની નિષ્ણાતનો સમાવેશ થશે. આ સમિતિ જસ્ટિસ વર્મા સામે લાગેલા આરોપોની તપાસ કરીને રિપોર્ટ સંસદને સોંપશે.




# તંત્રી લેખ......

## ભારતનો દૃઢ નિર્ધાર

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ નોબેલ શાંતિ પુરસ્કાર માટે થનગની રહ્યા છે. આ માટે તેઓ રશિયા અને યુક્રેન વચ્ચે સંઘર્ષનો અંત આણવા મથી રહ્યા છે, પણ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન જંગનો અંત આણવાનો ઈરાદો ધરાવતા ન હોવાની છાપ દિવસોદિવસ મજબૂત બની રહી છે. આવામાં રશિયા ઉપર આર્થિક દબાણ વધે એવાં પગલાં અમેરિકા અને યુરોપના દેશો લઈ રહ્યા છે. આવાં પગલાં રશિયાની સાથોસાથ તેની સાથે વેપાર-વ્યવહાર કરતા દેશો સામે લેવાની ધમકીઓ અપાઈ રહી છે. ટ્રમ્પ પોતાનાં હિતમાં આર્થિક પ્રતિબંધો અને વેરા લાદવાનાં પગલાંનો બેફામ ઉપયોગ કરવામાં ખચકાતા નથી. હવે તેમને રશિયા અને યુક્રેન વચ્ચેના જંગને રોકવા આવાં પગલાં લેવાની ધમકી આપવી શરૂ કરી છે. આ સંદર્ભમાં નાટો સંગઠનના મહામંત્રી માર્ક રૂટે થોડા દિવસ અગાઉ ભારત, ચીન અને બ્રાઝિલને ચેતવણી આપી છે કે, તેઓ રશિયા સાથે વેપાર ચાલુ રાખશે તો તેમના પર પ્રતિબંધ લદાઈ શકે છે. ટ્રમ્પે પણ એમ કહ્યંઅ હતું કે, રશિયા પાસેથી સામાનની ખરીદી કરનારા દેશો પર એક સો ટકા જેટલા વેરા લદાઈ શકે છે. સ્પષ્ટ છે કે, અમેરિકા પોતાની ઈચ્છા મુજબ વિશ્વનાં અર્થતંત્રને સંચાલિત કરીને તેનો રશિયા સામે ઉપયોગ કરવા માગે છે. ટ્રમ્પે રાષ્ટ્રપ્રમુખ બન્યા પછી પોતાની ઈચ્છા પ્રમાણે દુનિયાની નીતિ ઘડવાના મનોરથ સેવ્યા છે, પણ ભારત જેવા મજબૂત ચરિત્રવાળા રાષ્ટ્ર અને દુનિયાની મોટી બજાર ધરાવતાં વિરાટ અર્થતંત્ર પાસે તેની દાળ ગળે એમ નથી. સ્વાભાવિક રીતે ભારતે આવાં વલણ સામે આકરી પ્રતિક્રિયા આપી છે. ભારતે કહ્યંઅ છે કે, રશિયા પાસેથી ઈંધણની ખરીદી રાષ્ટ્રીય હિત અને બજારનાં વલણ પર આધારિત છે. ઉલ્લેખનીય છે કે, ડિસેમ્બર ૨૦૨૨માં રશિયાનાં તેલ પર પ્રતિબંધ લદાયા ત્યારે અમેરિકા અને યુરોપિયન સંઘને આશા હતી કે, આ નિયંત્રણથી રશિયાનાં અર્થતંત્ર પર નકારાત્મક અસર પડશે, જેનાથી યુક્રેન સાથેના જંગનો અંત આણવા માટે ફરજ પાડી શકાશે. ભારતનાં અર્થતંત્રના વિકાસના વેગને જાળવી રાખવા માટે પોષાય તેવા ઈંધણના વિકલ્પ હોવા અનિવાર્ય છે. ભારત પોતાની જરૂરત અને આર્થિક ફાયદા મુજબ પોતાના નિર્ણય લેવાનો અધિકાર ધરાવે છે. નાટો દેશ કે પછી અમેરિકાના પ્રતિબંધોનાં દબાણને વશ ન થવાનો સ્પષ્ટ સંદેશ ભારતે વિશ્વને આપી દીધો છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: એમસીએક્સ પર સોનાના વાયદામાં રૂ.૬૭૦ અને ચાંદીના વાયદામાં રૂ.૬૧૯નો ઘટાડો: ક્રૂડ તેલનો વાયદો રૂ.૭૩ વધ્યો

### કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૫૪૮૨.૮૭ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૦૫૯૨૪.૦૩ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૨૪૩૫.૩૬ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૩૧૮૦ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૨૨૧૪૧૫.૮૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૫૪૮૨.૮૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૦૫૯૨૪.૦૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ જુલાઈ વાયદો ૨૩૧૮૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૧૨૫.૭૬ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૨૪૩૫.૩૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૮૫૮૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૮૬૨૭ અને નીચામાં રૂ.૯૮૦૩૨ના સ્તરને સ્પર્શી, રૂ.૯૮૭૨૬ના આગલા બંધ સામે રૂ.૬૭૦ ઘટી રૂ.૯૮૦૫૬ થયો હતો. ગોલ્ડ-ગિની જુલાઈ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૪૨૩ ઘટી રૂ.૭૮૮૪૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-પેટલ જુલાઈ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૪૦ ઘટી રૂ.૯૮૯૭ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૬૨૮ ઘટી રૂ.૯૮૦૪૦ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૮૫૩૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૮૫૮૮ અને નીચામાં રૂ.૯૮૦૪૮ના મથાળે અથડાઈ, રૂ.૯૮૬૫૩ના આગલા બંધ સામે રૂ.૫૯૩ ઘટી રૂ.૯૮૦૬૦ના ભાવે બોલાયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૧૫૪૬૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૫૭૦૦ અને નીચામાં રૂ.૧૧૪૪૨૦ના મથાળે અથડાઈ, રૂ.૧૧૫૧૩૩ના આગલા બંધ સામે રૂ.૬૧૯ ઘટી રૂ.૧૧૪૫૧૪ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની ઓગસ્ટ વાયદો રૂ.૬૦૭ ઘટી રૂ.૧૧૪૨૬૩ થયો હતો. ચાંદી-માઈક્રો ઓગસ્ટ વાયદો રૂ.૬૦૯ ઘટી રૂ.૧૧૪૨૭૨ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૧૭૭૧.૭૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ઓગસ્ટ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૪૮૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૪૮૬ અને નીચામાં રૂ.૪૪૮૩ના સ્તરને સ્પર્શી, કોઈ ફેરફાર વગર રૂ.૪૪૮૩ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ વાયદો બેરલદીઠ રૂ.૫૭૫૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૭૮૦ અને નીચામાં રૂ.૫૬૯૨ના મથાળે અથડાઈ, રૂ.૫૬૭૨ના આગલા બંધ સામે રૂ.૭૩ વધી રૂ.૫૭૪૫ થયો હતો. ક્રૂડ તેલ-મિની ઓગસ્ટ વાયદો રૂ.૭૦ વધી રૂ.૫૭૪૫ થયો હતો. નેચરલ ગેસ જુલાઈ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૪.૩ વધી રૂ.૨૭૧.૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ-મિની જુલાઈ વાયદો રૂ.૪.૧ વધી રૂ.૨૭૦.૮ થયો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૮૯૦ના ભાવે ખૂલી, રૂ.૧.૪ ઘટી રૂ.૮૮૨ થયો હતો. કોટન ખાંડી જુલાઈ વાયદો ખાંડીદીઠ રૂ.૧૦ ઘટી રૂ.૫૬૦૦૦ના ભાવે બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૮૪૬૬.૬૫ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૩૯૬૮.૭૧ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૨.૩૧ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૪૭૪.૫૪ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૧૨૯૪.૯૨ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૩.૬૮ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ.૦.૩૪ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૭૨૬૬ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૪૦૬૪૩ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૯૫૩૩ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૧૩૭૪૨૬ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૧૩૬૯૯ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૦૮૧૪ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૭૧૭૭ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૮૫૪૯૫ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૬૯૬ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૨૧૫૦ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૧૯૩૧ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ જુલાઈ વાયદો ૨૩૩૦૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૩૩૦૨ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૩૧૮૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૫૦ પોઈન્ટ ઘટી ૨૩૧૮૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૩.૧ વધી રૂ.૧૯૫.૭ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૪ વધી રૂ.૨૨ના ભાવે બોલાયો હતો.

સોનું જુલાઈ રૂ.૯૮૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૮૧.૫ ઘટી રૂ.૪૮.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી જુલાઈ રૂ.૧૧૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૪૭.૫ ઘટી રૂ.૨૩૮.૫ થયો હતો. તાંબું ઓગસ્ટ રૂ.૯૩૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૭૦ પૈસા ઘટી રૂ.૪.૪૪ થયો હતો. જસત ઓગસ્ટ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૮૮ પૈસા વધી રૂ.૪.૭ના ભાવે બોલાયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ઓગસ્ટ રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૩.૫ વધી રૂ.૧૯૭.૫ના ભાવે બોલાયો હતો.

નેચરલ ગેસ-મિની ઓગસ્ટ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૫ વધી રૂ.૨૨.૩૫ થયો હતો. સોનું-મિની જુલાઈ રૂ.૯૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૯ ઘટી રૂ.૯ થયો હતો. ચાંદી-મિની જુલાઈ રૂ.૧૧૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૩૬ ઘટી રૂ.૫૪૧ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૦.૮ ઘટી રૂ.૧૪૯.૪ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨ ઘટી રૂ.૧૬ના ભાવે બોલાયો હતો.

સોનું જુલાઈ રૂ.૯૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૦ વધી રૂ.૧૫૫ થયો હતો. આ સામે ચાંદી જુલાઈ રૂ.૧૧૪૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૮૫ વધી રૂ.૬૦૧ થયો હતો.

તાંબું ઓગસ્ટ રૂ.૮૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૧૬ પૈસા વધી રૂ.૧૦.૭ના ભાવે બોલાયો હતો. જસત ઓગસ્ટ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૭૧ પૈસા વધી રૂ.૫.૬૩ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ઓગસ્ટ રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૯.૫૫ ઘટી રૂ.૧૫૧.૮૫ થયો હતો. નેચરલ ગેસ-મિની ઓગસ્ટ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૮૫ ઘટી રૂ.૧૫.૯૫ના ભાવે બોલાયો હતો.

સોનું-મિની જુલાઈ રૂ.૯૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૫.૫ વધી રૂ.૧૬૮ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની જુલાઈ રૂ.૧૧૪૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૩૬.૫ વધી રૂ.૭૨૫ના ભાવે બોલાયો હતો.

### દુલ્હન બધું તળિયાઝાટક કરીને ભાગી

# એક દિવસ લગ્ન કરવાના ગરીબ યુવકે ૮૦ હજાર રૂપિયા ચુકવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)હમીરપુર

દરેક છોકરા-છોકરી પોતાના લગ્નના સપના સેવતા હોય છે. લગ્નને લઈને ખાસ પ્લાનિંગ થતાં હોય છે અને ભવિષ્યને લઈને પોતાના સપના જોતા હોય છે. આવો જ એક કિસ્સો ઉત્તર પ્રદેશના હમીરપુરમાં રહેતા આ શખ્સ સાથે થયો છે. જ્યારે તેણે જોયું કે તેના લગ્ન નથી થતાં તો તેણે રૂપિયા ખર્ચવાનો નિર્ણય લીધો. તેણે ૮૦,૦૦૦ રૂપિયા આપીને લગ્ન કર્યા અને રાજીખુશી પોતાની દુલ્હનને ઘરે લઈ આવ્યો. પણ આ ખુશીઓ લાંબો સમય સુધી ટકી નહીં. રાતના સમયે દુલ્હન કુંડી લગાવીને ભાગી ગઈ. જ્યારે સવારે વરરાજો ઉઠ્યો તો ઘરની હાલત જોઈ ચીસો પાડવા લાગ્યો. હવે તે પોતાની દુલ્હનને ડ્રોનની મદદથી શોધી રહ્યો છે.

આ મામલો રાઠ કોતવાલી વિસ્તારના બિલગાંવનો છે. અહીં રહેતા રાહુલ સૈની પોતાના લગ્નને લઈને ખૂબ જ ઉત્સાહી હતો. તેણે સુહાગરાતથી લઈને હનીમૂનના સપના પણ જોઈ લીધા હતા. અમુક લોકોને તેણે ૮૦ હજાર રૂપિયા આપીને કાનપુરની રહેવાસી એક મહિલા સાથે લગ્ન કરી લીધા. બધા ખુશ હતા. રાજીખુશીથી દુલ્હન ઘરે પણ આવી ગઈ. લગ્નના બીજા દિવસે જમણવાર રાખ્યો હતો. પરિવારના લોકો તેની તૈયારીમાં હતા. તેમણે ધ્યાન ન આપ્યું કે દુલ્હનના દિમાગમાં શું ચાલી રહ્યું છે. રાત થતાં જ દુલ્હને બહારથી કુંડી લગાવી દીધી અને ભાગી ગઈ. સવારે જ્યારે પરિવાર ઉઠ્યો તો બધાના હોશ ઉડી ગયા. સવારે જ્યારે નવી દુલ્હનને શોધવા ગયા, તો ક્યાંય તેનો પત્તો લાગ્યો નહીં. પરિવારને ઘરમાં જોયું તો તેમના દાગીના અને રોકડ રકમ ગાયબ હતી. હવે રાહુલના પિતા દયારામ સૈનીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી. આ બાજુ ઘટનાની જાણ થતાં ગામ લોકોના ટોળા ભેગા થયા હતા અને ભાગેલી દુલ્હનને શોધવા લાગ્યા. વરરાજો રાહુલ ડ્રોન કેમેરાથી ગામડાના ખેતરમાં શોધી રહ્યો હતો, ત્યારે દુલ્હનના કપડાં ખેતરમાંથી મળ્યા. પણ દુલ્હનનો ક્યાંય પત્તો લાગ્યો નહીં. જો કે રાતમાં દુલ્હન જતી હોવાનો વીડિયો સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયો છે.

# પશ્ચિમ રેલવે ચલાવશે ભુજ-રાજકોટ વચ્ચે ત્રિ-અઠવાડિક સ્પેશિયલ ટ્રેન

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખતાં ભુજ અને રાજકોટ વચ્ચે ત્રિ-અઠવાડિક સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેનની વિગતો નીચે મુજબ છે :-

- ટ્રેન નંબર ૦૯૫૪૫/૦૯૫૪૬ ભુજ-રાજકોટ-ભુજ ત્રિ-અઠવાડિક સ્પેશિયલ (કુલ ૫૪ ફેરા)

ટ્રેન નંબર ૦૯૫૪૬ ભુજ-રાજકોટ સ્પેશિયલ ૩૦ જુલાઈ ૨૦૨૫ થી ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી ભુજ થી દરેક બુધવાર, શુક્રવાર અને રવિવારે ૨૩.૧૫ કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે સવારે ૦૫.૫૦ કલાકે રાજકોટ પહોંચશે. આ જ રીતે ટ્રેન નંબર ૦૯૫૪૫ રાજકોટ-ભુજ સ્પેશિયલ ૨૯ જુલાઈ ૨૦૨૫ થી ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી રાજકોટ થી દરેક મંગળવાર, ગુરૂવાર અને શનિવારે ૨૨.૩૦ કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે સવારે ૦૫.૦૦ કલાકે ભુજ પહોંચશે.

માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન અંજાર, આદિપુર, ગાંધીધામ, ભચાઉ, સામાખ્યાલી, માલિયા-મિયાણા, દહિંસરા તથા મોરબી સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ૨ ટિયર, એસી ૩ ટિયર, સ્લીપર અને સામાન્ય શ્રેણીના કોચ રહેશે.

ટ્રેન નંબર ૦૯૫૪૬/૦૯૫૪૫ નું બુકિંગ ૨૬ જુલાઈ ૨૦૨૫ ?? થી તમામ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસીની વેબસાઈટ શરૂ થશે. ટ્રેનોના સંચાલન સમય, સ્ટોપેજ અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે યાત્રી www.enquiry. indianrail. gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

### આ સમાજ માટે ફાયદાકારક સાબિત થશે

# મેઘાલય હવે લગ્ન પહેલા એચઆઈવી ટેસ્ટ ફરજીયાત કરવાની તૈયારીમાં

(સંપૂર્ણ સમાચાર સેવા)શિલોન્ગ

દેશનું પૂર્વોત્તર રાજ્ય મેઘાલય હવે લગ્ન પહેલા એચઆઈવી ટેસ્ટ ફરજીયાત કરવાની તૈયારી કરી રહ્યું છે. સ્વાસ્થ્ય મંત્રી એંપરીન લિંગદોહે શુક્રવારે આ વાત કહી છે. તેમણે કહ્યું કે સરકાર રાજ્યમાં એચઆઈવી/એઈડ્સના વધતા કેસને જોતા લગ્ન પહેલા ટેસ્ટ ફરજીયાત કરવા માટે કાયદો લાવવાનો વિચાર કરી રહી છે. તેમણે જણાવ્યું કે મેઘાલય એચઆઈવી/એઈડ્સ પ્રસારના મામલામાં દેશમાં છઠ્ઠા સ્થાન પર છે. સ્વાસ્થ્ય મંત્રીએ જણાવ્યું કે તેમણે નાયબ મુખ્યમંત્રી પ્રેસ્ટોન ટિનસોંગની અધ્યક્ષતામાં એક બેઠકમાં ભાગ લીધો, જેમાં સમાજ કલ્યાણ મંત્રી પોલ લિંગદોહ અને ઈસ્ટ ખાસી હિલ્સ જિલ્લાના આઠ ધારાસભ્ય પણ સામેલ થયા હતા. આ બેઠકમાં એચઆઈવી/એઈડ્સ પર એક નીતિ બનાવવાની ચર્ચા થઈ. તેમણે કહ્યું કે સ્વાસ્થ્ય વિભાગને આ સંબંધમાં એક કેબિનેટ નોટ તૈયાર કરવાનો નિર્દેશ આપ્યો છે. સાથે આ પ્રકારની બેઠકો ગારો હિલ્સ અને જૈંતિયા હિલ્સના ક્ષેત્રોમાં આયોજીત કરવામાં આવશે, જેથી ક્ષેત્રવાર રણનીતિ તૈયાર કરી શકાય. સ્વાસ્થ્ય મંત્રીએ ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું કે માત્ર ઈસ્ટ ખાસી હિલ્સ જિલ્લામાં અત્યાર સુધી એચઆઈવી/એઈડ્સના ૩૪૩૨ કેસ સામે આવ્યા છે, જેમાંથી માત્ર ૧૫૮૧ દર્દી સારવાર પ્રાપ્ત કરી રહ્યાં છે.

# ગાંધીનગરમાં બીએપીએસ સંસ્થા દ્વારા વિદ્યાર્થી પર અમાનુષી ત્રાસ : રાજકોટ ના દંપત્તિએ ગૃહમંત્રીને રજુઆત કરી

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટમાં રહેતા કલ્પેશભાઈ નામના યુવાન તેમના પત્ની અને પુત્ર સાથે ગૃહમંત્રી હર્ષ સંઘવીને રજુઆત કરવા પહોચ્યા હતા અને જણાવ્યુ હતુ કે તેમના પુત્રને ધો. ૮ માં અભ્યાસ માટે ગાંધીનગર નજીક રાયસણમાં આવેલ બીએપીએસ સંસ્થામાં અભ્યાસ માટે મુકેલ હતો.

જયાં ૧૫ દિવસ બાદ પુત્રને ફોન કરતા તેણે હોસ્ટેલના હેડ હેમાંગ પાંડે માનસિક અને શારીરિક ત્રાસ આપે છે તેવી ફરીયાદ કરી હતી.

જે બાબતે ત્યાંના સ્વામિ નિર્ગુણ સ્વામિને ફોન કરી જાણ કરતા તેઓએ રૂબરૂ આવી વાત કરવાનુ કહ્યુ હતુ, જે બાદ હેમાંગ પાંડેએ તેમના પુત્રને તારા પિતાએ ફરીયાદ કરી છે તેનાથી હું ડરતો નથી અને મને કોઈ ગોળીએ મારી નહી દે તેવી ધમકી આપી હતી. જે અંગે પુત્રએ જાણ કરતા તેઓ ગાંધીનગર દોડી આવ્યા હતા અને મેનેજમેન્ટને વાત કરતા તેઓએ કોઈ વ્યવસ્થિત વાત ન કરતા ઈન્ફોસિટી પોલીસ મથકમાં ફરીયાદ આપેલ હતી.

ત્યારબાદ રાજકોટ બીએપીએસ સંસ્થાના ઘનશ્યામસિંહ ઝાલાનો સંપર્ક કરતા તેમણે જણાવ્યુ હતુ કે રાજકોટમાં જ રહેવુ હોય તો ફરીયાદ પાછી ખેંચી લે જો તેવી ધમકી આપી હતી જે મામલે ગૃહમંત્રીને રજુઆત કરવામાં આવી છે.



### તિલક વર્માએ સદી ફટકારી

# રોહિત શર્માના ફેવરીટ ખેલાડીએ કાઉન્ટી ચેમ્પિયનશિપમાં મચાવી ધમાલ

(સંપૂર્ણ સમાચાર સેવા)લંડન,

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ૫ મેચની ટેસ્ટ શ્રેણી ચાલી રહી છે. આ સાથે, ઈંગ્લેન્ડમાં રમાતી કાઉન્ટી ચેમ્પિયનશિપ પણ ચાલી રહી છે. તેમાં ભારતના ઘણા ખેલાડીઓનો સમાવેશ થાય છે, તિલક વર્માએ પણ આ વર્ષે પોતાનું ડેબ્યૂ કર્યું છે. તે હેમ્પશાયર ક્રિકેટ ક્લબ માટે રમી રહ્યો છે. તેણે અહીં પોતાની બીજી સદી ફટકારી. જે બાદ તેની ચર્ચા ખુબ થઈ રહી છે. ૨૦૨૨ થી મુંબઈ ઈન્ડિયન્સ માટે રમી રહેલા તિલક વર્માએ કાઉન્ટી ચેમ્પિયનશિપમાં પોતાના જોરદાર પ્રદર્શનથી બધાને પ્રભાવિત કર્યા છે. હેમ્પશાયર માટે રમતા, તેણે ૨૨ જૂન ૨૦૨૫ ના રોજ પોતાની પહેલી મેચ રમી હતી, જેમાં તેણે ૨૪૧ બોલમાં ૧૦૦ રન બનાવ્યા હતા. આ ઈનિંગમાં તિલક ૩ છગ્ગા અને ૧૧ ચોગ્ગા ફટકાર્યા હતા. હેમ્પશાયર ક્રિકેટ ટીમ અને નોટિંગહામશાયર ક્રિકેટ ટીમ વચ્ચે ૨૨ જુલાઈથી શરૂઆત થઈ હતી. પહેલા બેટિંગ કરતા, નોટિંગહામશાયરએ ૫૭૮ રન પર પોતાનો દાવ ડિકલેર કર્યો હતો. લિન્ડન જેમ્સે ૨૦૩ રનની અણનમ ઈનિંગ રમી હતી. જેક હાઈન્સે પણ સદી ફટકારી હતી, તેણે ૧૫ ચોગ્ગાની મદદથી ૧૦૩ રન બનાવ્યા હતા. ત્રીજા દિવસની રમતના અંત સુધીમાં, હેમ્પશાયર ક્રિકેટ ટીમે ૬ વિકેટ ગુમાવ્યા બાદ ૩૬૭ રન બનાવ્યા છે. તિલક વર્માએ મહત્વપૂર્ણ સદી ફટકારી, તેણે ૨૫૬ બોલમાં ૨ છગ્ગા અને ૧૩ ચોગ્ગાની મદદથી ૧૧૨ રન બનાવ્યા. કાઉન્ટી ચેમ્પિયનશિપમાં આ તિલકની બીજી સદી છે. હેમ્પશાયર ક્રિકેટ ટીમ કાઉન્ટી ચેમ્પિયનશિપ ડિવિઝન ૧ માં સામેલ છે, હાલમાં ટીમ પોઈન્ટ ટેબલમાં ૭ માં ક્રમે છે. ટીમે ૯ ટેસ્ટ મેચમાંથી ફક્ત ૨ જીતી છે અને ૨ હારનો સામનો કરવો પડ્યો છે, અન્ય મેચ ડ્રો રહી છે.તિલક વર્માએ ODI અને T20 ફોર્મેટમાં ભારત માટે ડેબ્યૂ કર્યું છે, તેણે 4 ODI માં ૬૮ રન અને ૨૫ T20 મેચમાં ૭૪૯ રન બનાવ્યા છે. તિલક T20 માં ૨ સદી અને ૩ અડધી સદી ફટકારી છે. આ ઉપરાંત, તિલક વર્માએ ૨૦ ફર્સ્ટ ક્લાસ મેચોની ૩૧ ઈનિંગ્સમાં ૧૪૦૭ રન બનાવ્યા છે, જેમાં ૬ સદી અને ૫ અડધી સદીનો સમાવેશ થાય છે.

# અશાંતધારાના પ્રશ્નો અંગે ગૃહમંત્રીને ખાતરી : વકીલો સુચના આપે તો અમે ચોકકસપણે કાયદામાં સુધારો કરીશુ

### ભાજપ લીગલસેલના વકીલોએ ગૃહમંત્રીને મળી રજુઆત કરી હતી કે અશાંત ધારાવાળા વિસ્તારોમાં અન્યના નામે મિલ્કત લઈ તેમાં બીજા લોકો રહેવા આવી જાય છે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

અશાંતધારાના કાયદા અંગે ગૃહમંત્રીએ મહત્વનુ નિવેદન આપતા ખાતરી આપી હતી કે વકીલો કાયદાકીય સુચનો આપે, અમે ચોકકસપણે કાયદામાં સુધારો કરીશુ, એક ધર્મના વ્યકિત મિલ્કત ખરીદે, બીજા ધર્મના લોકો તેમાં રહેવા આવી જાય, આ પ્રશ્ન હલ કરવા કાયદામાં અમેડમેન્ટ લાવવા ગૃહમંત્રીએ તૈયારી દર્શાવી છે. આજે ભાજપ લીગલ સેલના વકીલોએ ગૃહમંત્રી હર્ષ સંઘવીને મળી રજુઆત કરી હતી કે અશાંતધારા વિસ્તારોમાં અન્યના નામે મિલ્કત લઈ તેમાં બીજા લોકો રહેવા આવી જાય છે જેથી કાયદાનો ઉદેશ સાર્થક થતો નથી,



રાજકોટ સહિત રાજયના અનેક શહેરોના વિસ્તારોમાં ધર્મ આધારીત વસ્તીનુ સંતુલન જાળવવા અશાંતધારાનો કાયદો લાગુ કરવામાં આવ્યો છે. આ કાયદાના પ્રાવધાનો મુજબ, એક ધર્મના આસામી પોતાની મિલ્કત બીજા ધર્મના આસામીને વેચી શકતા નથી, મિલ્કત ખરીદી વહેંચણી વખતે અચુકપણે કલેકટરની મંજુરી લેવી પડતી હોય છે. અશાંતધારા અંગે કલેકટરની મંજુરી મળ્યા બાદ જ મિલ્કતના દસ્તાવેજો ની નોંધણી થઈ શકે છે. જો કે કેટલાક લોકો કાયદાની છટકબારી શોધી બીજા ધર્મના પોતાના અંગત સંબંધીઓના નામે મિલ્કત ખરીદી લે છે. પોતે તેમાં રહેવા જતા રહે છે. આવી સમસ્યાઓ ઉઠવા પામતા અગાઉ અને એક વખત જે તે વિસ્તારમાં રહેતા લોકોએ પોલીસ કમિશ્નર, કલેકટર અને ગાંધીનગર સુધી રજુઆતો કરી છે પરંતુ તે સમસ્યાનો કોઈ હલ આવતો નથી.

જો કે આજે રાજકોટ ખાતે રાજયના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ પોલીસ અધિકારીઓ અને વકીલો સાથે બેઠક કરી હતી જેમાં ભાજપ લીગલ સેલના વકીલો દ્વારા અશાંતધારાને લઈને ઉદભવતા પ્રશ્નો અંગે રજુઆત કરી હતી, જેથી ગૃહમંત્રીએ વકીલોને કાયદામાં કઈ રીતે સુધારો કરી શકાય તે અંગેના સુચનો અને સજેશન મંગાવ્યા છે. ગૃહમંત્રીએ કહ્યુ કે કાયદાકીય સુચનો ધ્યાને લઈ કાયદામાં ફેરફાર કરવા સુધારો કરવામાં આવશે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ


નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad, Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad- 382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

સાપુતારા મોનસૂન ફેસ્ટિવલઃ ડાંગ આવતા પ્રવાસીઓની સંખ્યામાં થયો અભૂતપૂર્વ વધારો, ૨૦૨૪માં ૨૬.૯૧ લાખ લોકો આવ્યા

# ગુજરાતના એકમાત્ર હિલ સ્ટેશન પર ૨૬ જુલાઈથી ૧૭ ઓગસ્ટ સુધી જામશે 'સાપુતારા મોનસૂન ફેસ્ટિવલ ૨૦૨૫'નો રંગ

### તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝનથી શરૂ થયેલ સાપુતારા મોનસૂન ફેસ્ટિવલ આજે દેશ વિદેશના પ્રવાસીઓમાં બન્યો આકર્ષણનું કેન્દ્ર



ગુજરાત ઉત્સવપ્રિય રાજ્ય છે, જે દરેક ઉત્સવ સાથે તેની વૈવિધ્યપૂર્ણ સંસ્કૃતિની ઉજવણી કરે છે. રાજ્યના ડાંગ જિલ્લામાં સ્થિત અને ગુજરાતના ચેરાપુંજી તરીકે ઓળખાતું સાપુતારા વર્ષાઋતુમાં સોળે કળાએ ખીલી ઊઠે છે અને આ રમણીય હિલ સ્ટેશન પર પ્રવાસીઓનો અભૂતપૂર્વ ધસારો જોવા મળે છે. એમાં પણ દર વર્ષે યોજાતા સાપુતારા મોનસૂન ફેસ્ટિવલનું પ્રવાસીઓમાં વિશેષ આકર્ષણ હોય છે. આ ઉત્સવને કારણે સાપુતારામાં પ્રવાસનની સાથે-સાથે સ્થાનિક રોજગારીને પણ પ્રોત્સાહન મળ્યું છે. આ વર્ષે સાપુતારા મોનસૂન ફેસ્ટિવલ ૨૬ જુલાઈ ૨૦૨૫થી ૧૭ ઓગસ્ટ ૨૦૨૫ દરમિયાન યોજાશે અને તેના વિવિધ આકર્ષણોથી મુલાકાતીઓને મંત્રમુગ્ધ કરશે. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝનથી સાપુતારા ફેસ્ટિવલની શરૂઆત કરવામાં આવી હતી. આજે આ ફેસ્ટિવલ દેશ-વિદેશના પ્રવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

આદિવાસી સંસ્કૃતિ અને સ્થાનિક પરંપરાઓના પ્રચારનું માધ્યમ બન્યો સાપુતારા મોનસૂન ફેસ્ટિવલ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર ડાંગમાં પર્યટન, વિકાસ અને રોજગારીને વેગ આપવા માટે પ્રતિબદ્ધ છે. તેમના માર્ગદર્શનમાં ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ (TCGL) દ્વારા આયોજિત સાપુતારા મોનસૂન ફેસ્ટિવલ ૨૦૨૫નો ૨૬ જુલાઈએ રંગેચંગે પ્રારંભ થશે અને સાપુતારા વિવિધ સાંસ્કૃતિક અને પ્રાદેશિક પ્રવૃત્તિઓ દ્વારા જીવંત બની જશે. આ ફેસ્ટિવલ આદિવાસી સંસ્કૃતિ, કુદરતી સૌંદર્ય અને સ્થાનિક પરંપરાઓના પ્રચારનું માધ્યમ બન્યો છે. આ મહોત્સવમાં ભાગ લેવા અને મહોત્સવને નિહાળવા માટે ન માત્ર ગુજરાત પરંતુ અન્ય રાજ્યોમાંથી પણ સહેલાણીઓ ઉમટી પડે છે.

ગ્રાન્ડ ફોક કાર્નિવલ પરેડમાં ૧૩ રાજ્યોના ૩૫૦થી વધુ કલાકારો ભાગ લેશે

અખૂટ કુદરતી સૌંદર્ય ધરાવતા ગિરિમથક સાપુતારામાં આયોજિત મોનસૂન ફેસ્ટિવલની ખાસિયત એ છે કે પ્રવાસીઓને ડાંગની સમૃદ્ધ સંસ્કૃતિ, રીતિ રિવાજ, પરંપરાગત ભોજન, રહેણી કરણી, નૃત્ય કળાની ઝલક તો જોવા મળે છે, સાથે વિવિધ ભાતીગળ સંસ્કૃતિની પણ ઝાંખી થાય છે. સાપુતારા મોનસૂન ફેસ્ટિવલ ૨૦૨૫માં આ વર્ષે પ્રથમ વખત એક ભારત શ્રેષ્ઠ ભારત હેઠળ ગ્રાન્ડ ફોક કાર્નિવલ પરેડનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ૧૩ રાજ્યો- ગુજરાત, મહારાષ્ટ્ર, પંજાબ, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, આસામ, મધ્ય પ્રદેશ, તેલંગાણા, કર્ણાટક, હિમાચલ પ્રદેશ, હરિયાણા અને ઓડિશાના ૩૫૦થી વધુ કલાકારો ભાગ લેશે. આ કલાકારો પરેડમાં પરંપરાગત પ્રોપ્સ સાથે જીવંત લોક પરંપરાઓ રજૂ કરશે. તો આ વર્ષે રેઈન ડાન્સ અને નેચર વૉક જેવી પ્રવૃત્તિઓ પણ શરૂ કરવામાં આવી છે.

પ્રવાસીઓને વિવિધ શાસ્ત્રીય કળા અને લોક પરંપરાઓને નિહાળવાની મળશે તક

સાપુતારા મોનસૂન ફેસ્ટિવલમાં આયોજિત "ગ્રાન્ડ ક્લાસિકલ અને લોક પ્રદર્શન"માં ૧૩ રાજ્યો- ગુજરાત, દિલ્હી, તમિલનાડુ, મણિપુર, કેરળ, રાજસ્થાન, કર્ણાટક, મહારાષ્ટ્ર, પંજાબ, હિમાચલ પ્રદેશ, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ અને આસામના ૮૦થી વધુ કલાકારો તેમની શાસ્ત્રીય અને લોક પરંપરાઓ દ્વારા ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક રંગો રજૂ કરશે. મોનસૂન ફેસ્ટિવલના અન્ય મુખ્ય આકર્ષણોમાં ગીતાબેન રબારી, પાર્થ ઓઝા અને રાગ મહેતા જેવા પ્રખ્યાત ગુજરાતી કલાકારો ઉપરાંત કેરળનું પ્રખ્યાત થેકકિનકાડુ અક્રમ મ્યુઝિકલ બૅન્ડ પણ ખાસ પર્ફોર્મન્સ રજૂ કરશે.

એટલું જ નહીં, પ્રવાસીઓને સમગ્ર સાપુતારામાં ટેબ્લો શૉ જોવા મળશે, તો સન્ડે સાઈક્લોથોન, દહીં હાંડી સ્પર્ધા સાથે જન્માષ્ટમીની ઉજવણી અને સ્વતંત્રતા દિવસે આયોજિત મિનિ મૅરથોન વગેરે કાર્યક્રમો સાંસ્કૃતિક અને દેશભક્તિની ભાવનાને ઉજાગર કરશે.

સાપુતારા મોનસૂન ફેસ્ટિવલથી સ્થાનિક સમુદાયો અને વ્યવસાયોને થયો આર્થિક લાભ

સાપુતારા મોનસૂન ફેસ્ટિવલમાં પ્રવાસીઓના આગમનના પરિણામે ડાંગ અને તેના આસપાસના વિસ્તારોમાં રોજગારીની સાથે આવકના સ્રોત વધ્યા છે જેથી જીવન સ્તરમાં સુધારો થયો છે. સાપુતારા આવતા પ્રવાસીઓ ડાંગની સ્થાનિક સંસ્કૃતિ સાથે પરિચય કેળવે અને સ્થાનિક કલાકારોને પણ રોજગારી મળી રહે તે હેતુથી સાપુતારા મોનસૂન ફેસ્ટિવલમાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન થતું હોય છે. આ વખતે ફેસ્ટિવલ અંતર્ગત સાપુતારા મેઈન સર્કલ, ગવર્નર હિલ અને સાપુતારા લેક બોટ ક્લબ ખાતે સ્થાનિક કલાકારો દ્વારા દૈનિક સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. તો મેઈન ડોમ ઈવેન્ટ્સ એરિયામાં ટ્રાઈબલ ફૂડ ફેસ્ટિવલ, ટ્રાઈબલ ટેટૂ વર્કશોપ, ટ્રાઈબલ આર્ટ એન્ડ ક્રાફ્ટ સ્ટોલ, વરલી પેઈન્ટિંગ વર્કશોપ, લોક સંગીત, મૅજિક શૉ વગેરે પ્રવૃત્તિઓ પ્રવાસીઓનો અનુભવ યાદગાર બનાવશે.

ડાંગ આવતા પ્રવાસીઓની સંખ્યામાં થયો અભૂતપૂર્વ વધારો

સાપુતારાનું આહલાદક વાતાવરણ અને કુદરતી સૌંદર્ય હંમેશથી પ્રવાસીઓની પ્રથમ પસંદ રહ્યું છે. રાજ્ય સરકારના પ્રવાસન નિગમ દ્વારા આયોજિત મોનસૂન ફેસ્ટિવલની ફળશ્રુતિરૂપે ડાંગ આવતા પ્રવાસીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો નોંધાઈ રહ્યો છે. ૨૦૨૨માં સાપુતારા આવનારા લોકોની સંખ્યા ૮.૧૬ લાખ હતી, જે ૨૦૨૩ અને ૨૦૨૪માં અનુક્રમે ૧૧.૧૩ લાખ અને ૧૧.૬૭ લાખ નોંધાઈ હતી. ડાંગ જિલ્લામાં આવનારા પ્રવાસીઓની વાત કરીએ, તો ૨૦૨૨માં ૧૦.૪૦ લાખ, ૨૦૨૩માં ૨૨.૪૦ લાખ અને ૨૦૨૪માં ૨૬.૯૧ લાખ જેટલા લોકોએ જિલ્લાની મુલાકાત લીધી હતી. ગુજરાત સરકારે માળખાગત વિકાસ, વિશિષ્ટ ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કાર્યક્રમોના આયોજન અને આદિજાતિ વિકાસ માટેની યોજનાઓના અમલીકરણ દ્વારા ડાંગ જિલ્લાને રાષ્ટ્રીય સ્તરે પ્રવાસન નકશા પર સ્થાન અપાવ્યું છે.

# હિંમતનગરથી ખેડબ્રહ્મા બ્રોડગેજ લાઈન પર ઈલેકટ્રીક એન્જીનનુ રીહર્સલ કરાયું: ૧ કલાકથી ઓછા સમયગાળામાં ૫૪ કિ.મી.નુ અંતર કાપ્યું

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ




હિંમતનગર થી ખેડબ્રહ્મા વચ્ચે વરસોથી ચાલતી મીટરગેજ લાઈનને બ્રોડગેજમાં રૂપાંતરીત કરવાની કામગીરી આખરી તબકકામાં પહોચી ગઈ છે. ગઈ કાલે ગુરૂવારે રેલ્વે વિભાગ દ્વારા હિંમતનગર થી ખેડબ્રહ્મા વચ્ચે ઈલેકટ્રીક એન્જીન દોડાવવાનુ રીહર્સલ કરવામાં આવ્યુ હતું. જે સફળતાપૂર્વક પાર પડયુ હતું. જેમાં ૫૪ કિ.મી. નુ અંતર રેલ્વે એન્જીને ૧ કલાક થી ઓછા સમયગાળામાં પુર્ણ કર્યુ હતું.

આ અંગે રેલ્વે વિભાગના સુત્રોના કહેવા પ્રમાણે હિંમતનગર થી ખેડબ્રહ્મા વચ્ચે આવતા મોટા ભાગના રેલ્વે સ્ટેશનોનુ કામ લગભગ પુરૂ થઈ ચુકયુ છે. ગઈ કાલે ગુરૂવારે રેલ્વે તંત્ર દ્વારા હિંમતનગર થી ખેડબ્રહ્મા સુધી રેલ્વેના અધિકારીઓની ઉપસ્થિતિમાં ઈલેકટ્રીક એન્જીન દોડાવવામાં આવ્યુ હતું. આ ઈલેકટ્રીક એન્જીનની ગતિ અંદાજે ૮૦ થી ૧૧૦ ની રખાઈ હતી. હિંમતનગર થી ખેડબ્રહ્મા વચ્ચેનુ ૫૪ કિ.મી. નુ અંતર ૫૫ મીનીટમાં પુર્ણ કરવામાં આવ્યુ હતું. રેલ્વે સુત્રોના કહેવા પ્રમાણે આગામી દિવસોમાં સ્પીડમાં વધારો ઘટાડો કરીને વધુ એક વખત રીહર્સલ લેવામાં આવશે. સુત્રો એવુ પણ કહી રહ્યા હતા કે આગામી ઓગસ્ટ મહિનાથી હિંમતનગર થી ખેડબ્રહ્મા વચ્ચે ઈલેકટ્રીક એન્જીન સાથે રેલ્વેના કોચ જોડીને ટ્રાયલ (સીઆરએસ) લેવાય તેવી શકયતા તંત્ર દ્વારા વ્યકત કરવામાં આવી છે. બ્રોડગેજ લાઈનની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. સુત્રોના કહેવા પ્રમાણે આ હિંમતનગર થી ખેડબ્રહ્માની બ્રોડગેજ લાઈન દિવાળી અગાઉ શરૂ થાય તેવી શકયતાઓ છે. જિલ્લાના ઈડર, વડાલી અને ખેડબ્રહ્મા તાલુકાના રોજેરોજ અપડાઉન કરતા મુસાફરો બ્રોડગેજ રેલ્વે લાઈનનો લાભ લઈ શકશે.

# બગસરા ખાતે નવનિર્મિત આરોગ્ય કેન્દ્રના ભવનનું આરોગ્યમંત્રીના હસ્તે લોકાર્પણ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



સામુહિક જનઆરોગ્ય કેન્દ્ર થી સૌના આરોગ્યને મળ્યુ સુરક્ષા કવચ સ્વસ્થ શરીરમાં જ સ્વસ્થ મન વસે છે, આ મુળ મંત્રને સાર્થક બનાવતા અમરેલી જિલ્લાના બગસરા ખાતે આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ દ્વારા નવનિર્મિત સામુહિક જન આરોગ્ય કેન્દ્રના ભવનનુ આરોગ્યમંત્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યુ છે. આ આરોગ્ય કેન્દ્રના શુભારંભ થી બગસરા અને આસપાસના ગામડાના વિસ્તારના લોકોને સમયસર આરોગ્ય લાભ મળે તેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાઈ છે. આધુનિક તબીબી સાધનો અને કુશળ તબીબી સ્ટાફ દ્વારા સામાન્ય રોગોની સારવારથી માંડીને માતૃ અને શીશુ આરોગ્ય, રોગ નિવારણ અને રસીકરણ જેવી આરોગ્ય લક્ષી સેવાઓ મળી રહેશે. જિલ્લાના અંતિમ વ્યકિત સુધી તબીબી સેવાઓ પહોચે, સમયસર સારવાર મળે અને લોકોનુ આરોગ્ય જળવાઈ રહે તે હેતુસર શરૂ થયેલ આ કેન્દ્ર વિસ્તારમાં આરોગ્ય સુધારા માટે મજબુત કડી સાબિત થશે. સામાન્ય ઓપીડી સેવાઓ ઉપરાંત અગત્યકાળની સારવાર, લેબટેસ્ટ, પોષણ અને માતૃત્વ સેવાઓ પણ સરળતાથી પ્રાપ્ત થશે. આ પ્રસંગે ઉપસ્થિત અધિકારીઓએ જણાવ્યુ હતુ કે આવા આરોગ્ય કેન્દ્રો ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય સુધારનો મુખ્ય આધાર બની રહેશે અને સરકારી દ્રષ્ટીકોણ સૌનુ આરોગ્ય, સૌનુ કલ્યાણને વાસ્તવિક રૂપ આપે છે, આ નવુ આરોગ્ય કેન્દ્ર હવે માત્ર સારવાર પુરતુ મર્યાદીત નહી રહે, પણ એક આરોગ્ય જાગૃતિ કેન્દ્ર તરીકે પણ કાર્ય કરશે . જે લોકોમાં આરોગ્ય પ્રત્યેની જાગૃતિ ઉભી કરશે અને તેમને સ્વસ્થ જીવનશૈલી અપનાવવાની પ્રેરણા આપશે.

# ગાંધીનગરમાં હીટ એન્ડ રનના કેસમાં ગોંડલના વૃધ્ધ સહિત ૪ના મોત

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



અમદાવાદમાં ૯ લોકોનો ભોગ લેનારા તથ્યકાંડ ને હજુ ભુલી શકાયો નથી ત્યાં જ આજે શુક્રવારે ગાંધીનગરમાં પુરપાટ જતા કાર ચાલકે અન્ય વાહનોને ટકકર મારી ૪ લોકોના મોત નિપજાવ્યા છે અને અન્ય ૫ લોકો ઘાયલ થયા છે. આ અકસ્માતમાં ભોગ બનેલા લોકોમાં એક ગોંડલના વૃધ્ધનો પણ સમાવેશ થાય છે. આ અકસ્માત બાદ લોકોએ કાર ચાલકને મેથી પાક ચખાડી અને પોલીસને હવાલે કર્યો હતો. રાજયના પાટનગર ગાંધીનગરના રાંદેસણ નજીક સીટી પ્લસ સિનેમા સામે આજે શુક્રવારે સવારે પુરપાટ ઝડપે પસાર થતી કારે રાહદારીઓ તથા વાહનોને ટકકર મારી હતી. અચાનક જ ધડાકા સાથે જીજે ૧૮ સીસી ૭૮૮૭ નંબરની કારે વાહનોને રાહદારીઓને જપટે ચડાવવા લાગતા નાસભાગી મચી જવા પામી હતી. ઘટનાસ્થળે જ બે લોકોના મોત નિપજયા હતા, જયારે અન્ય બે હોસ્પીટલ પહોચે તે અગાઉ જ મોતને ભેટયા હતા. અંદાજીત ૫ લોકો ઘાયલ થયા છે. તેમને સારવાર માટે હોસ્પીટલ ખસેડવામાં આવ્યા છે. અકસ્માત સર્જનાર કાર ચાલક હિતેશ વિનુભાઈ પટેલ હોવાનુ બહાર આવ્યુ છે અને તેના નામે જ કારનુ રજીસ્ટ્રેશન હોવાનુ ખુલ્યુ છે. અકસ્માત વખતે તે ચિકકાર નશામાં હોવાનુ પણ કહેવાતુ હતું. અકસ્માતને પગલે લોકોના ટોળેટોળા ભેગા થઈ ગયા હતા અને કાર ચાલકને બહાર કાઢીને મેથીપાક ચખાડયો હતો.

અકસ્માતમાં ગોંડલમાં રહેતા નિતીનભાઈ પ્રતાપભાઈ વસા ઉ.વ.૬૩ નો સમાવેશ થાય છે, આ સિવાય હંસાબેન રોહિતકુમાર વાઘેલા ઉ.વ.૫૬ નામની મહિલાનો પણ ભોગ લેવાયો છે. અન્યોની ઓળખ મેળવવાના પ્રયત્નો હાથ ધરાયા હતા. આ સિવાય કામીનીબેન બિપીનભાઈ ઓઝા ઉ.વ.૬૫, બિપીનભાઈ ઓઝા ઉ.વ.૭૫ તથા મયુરભાઈ જોશી ઉ.વ.૬૫ ઘાયલ થતા સારવાર માટે હોસ્પીટલ ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતની જાણ થતા પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. કારચાલકની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તો બીજી તરફ પોલીસે સીસીટીવી ફુટેજ તથા સ્થાનિકોના નિવેદનો લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# અમદાવાદ-પટના અજિમાબાદ એક્સપ્રેસનું રાજગીર સુધી વિસ્તરણ

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખતાં ટ્રેન નંબર ૧૨૯૪૭/૧૨૯૪૮ અમદાવાદ-પટના અજિમાબાદ એક્સપ્રેસને રાજગીર સુધી વિસ્તારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો નીચે મુજબ છે : ટ્રેન નંબર ૧૨૯૪૭ અમદાવાદ-રાજગીર અજિમાબાદ એક્સપ્રેસ ૨૮ જુલાઈ ૨૦૨૫ થી અમદાવાદથી ૨૧.૫૦ કલાકે પ્રસ્થાન કરશે અને ત્રીજા દિવસે સવારે ૦૭:૨૫ કલાકે રાજગીર પહોંચશે. આ જ રીતે ટ્રેન નંબર ૧૨૯૪૮ રાજગીર-અમદાવાદ અજિમાબાદ એક્સપ્રેસ ૨૫ જુલાઈ ૨૦૨૫ થી રાજગીરથી ૨૧:૦૦ કલાકે પ્રસ્થાન કરશે તથા ત્રીજા દિવસે ૦૩:૫૦ કલાકે અમદાવાદ પહોંચશે. પટનાથી રાજગીર વચ્ચે આ ટ્રેન પટના સાહિબ, બખ્તિયારપુર, બિહારશરીફ અને નાલંદા સ્ટેશનો પર રોકાશે. અમદાવાદથી પટના વચ્ચે આ ટ્રેનના આગમન/પ્રસ્થાન સમયમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ટ્રેનોના સ્ટોપેજ અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે યાત્રીઓ કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

મામલતદારથી કલેકટર સુધીના અધિકારીઓએ ૬ થી ૭ દિવસમાં નિકાલ કરવો પડશે

# મહેસુલી કાર્યવાહી - ટાઈટલ માટે સત્તા અને સમય મર્યાદા નક્કી કરાઈ : અરજદારે પોર્ટલ પર અરજી કરવાની રહેશે

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના મહેસુલ વિભાગે ખેતીની જમીનોને બિનખેતીમાં રૂપાંતર કરવા તથા પ્રતિબંધીત સત્તા પ્રકાર અથવા નવી શરતની જમીનોને પ્રિમિયમ વસુલ લઈ બિનખેતી પરવાનગી આપવા સંદર્ભે પાત્રતા નક્કી કરવા અને રેકર્ડ પરના કબ્જેદાર કાયદેસર હોવાનુ પ્રમાણપત્ર આપવા મહેસુલી ટાઈટલ અને કાયદેસર કબ્જેદાર પ્રમાણપત્ર ઈસ્યુ કરવાનુ હોય છે. અગાઉની વિધી માં કેટલીક બાંધછોડ અને અસ્પષ્ટતા હતી જેને લઈને અનેક અરજદારોને સમયસર પ્રમાણપત્ર મળતુ ન હતું. હવે નવો પરીપત્ર બહાર પાડી તબક્કાવાર કાર્યવાહી તથા જવાબદારી નક્કી કરીને સરકારે આ સમસ્યાને ઉકેલ લાવવાનો પ્રયાસ કર્યો છે. મહેસુલ વિભાગે હવે એવુ નક્કી કર્યુ છે કે આવી મંજુરી માટે અરજદારને પોર્ટલ પર જઈને નકકી કરાયેલા નમુનામાં અરજી ફોર્મ અને સ્વઘોષણાપત્ર અપલોડ કરવુ પડશે. તમામ સહ ખાતેદારોએ ફોર્મ પર સહી અથવા અંગુઠાના નિશાન આપેલા હોવા જોઈશે, જો કોઈ ખોટી માહિતી આપવામાં આવશે તો તેવી વ્યકિત સામે કાયદેસરની કાર્યવાહી થશે. અરજદારે અરજી સાથે ઓનલાઈન જ રૂબરૂ જિલ્લા ઈ-ધરા માં ફંડ ફી જમા કરાવવી પડશે. પેમેન્ટ માટે ડેબીટ કાર્ડ-ક્રેડીટકાર્ડ, નેટબેકિંગ અથવા અન્ય વિકલ્પ ઉપલબ્ધ રહેશે. જો અરજી રદ થાય તો ચુકવેલ ફી પરત મળશે નહી, અરજીઓની ચકાસણી માટે નાયબ કલેકટર અને મામલતદાર જવાબદાર રહેશે. અગાઉના ચકાસણી અધિકારીને પાંચ દિવસમાં નિર્ણય લેવાનો રહેશે. અરજદારે ૭ દિવસમાં માહિતી પુરી પાડવી પડશે. આખરે જિલ્લા કલેકટર અંતિમ નિર્ણય ૬ દિવસમાં લેશે સંબંધીત વિભાગો અથવા કચેરીઓએ અરજી મળ્યા બાદ ૭ દિવસની અંદર સ્પષ્ટ અભિપ્રાય આપવો ફરજીયાત રહેશે. જો અભિપ્રાય નકારાત્મક હોય તો તેની પાછળ કાયદાકીય કારણો આપવાના રહેશે. જો જવાબદાર અધિકારી અસ્પષ્ટ અથવા ખોટા અભિપ્રાય આપશે તો આવા અધિકારી સામે પણ કડક પગલા લેવામાં આવશે. અરજી મંજુર કે નામંજુર બંને પરીસ્થિતિમાં અરજદારને પોર્ટલ મારફતે જાણ કરવામાં આવશે. મંજુરી મળી જાય ત્યારબાદ અરજદાર આખી પ્રક્રિયાનો ડીઝીટલ રેકોર્ડ જોઈ શકે તે માટે ઉપલબ્ધ રહેશે. આ રીતે સરકારે અરજદારે મેળવવાને સંબંધીત કામગીરીને સંપૂર્ણ પણે ડીઝીટલ બનાવી ખેતી કર્તા અને જમીન ધારકો માટે સમય બચત, વિશ્વસનીયતા અને સરળતા સુનિશ્ચિત કરે છે.

અધિકારીની જવાબદારી અને સમય મર્યાદા તરફ નજર કરીએ તો મહાનગરોમાં કલેકટરો પોતાના તાંબાના નાયબ કલેકટર પૈકીના એક અધિકારીને કામગીરી સોંપવાની રહેશે, જિલ્લામાં મુખ્ય કાર્યમથકના મામલતદારને કામગીરી સોંપવાની રહેશે, પૂર્વ ચકાસણી અધિકારીએ અરજી પરત્વે સ્વીકાર, અસ્વીકાર અને પુર્તતા અંગેનો નિર્ણય દિન-૫ માં લેવાનો રહેશે, અરજી સ્વીકાર થયેથી પુર્વ ચકાસણી અધિકારીએ જરૂર જણાતા અભિપ્રાયો અર્થે અરજી સક્ષમ અધિકારીઓને મોકલવાની રહેશે, ચીટનીશના લોગીનમાં પણ મોકલવાની રહેશે જેનો દિન-૭ માં સ્પષ્ટ અભિપ્રાય સંબંધીત અધિકારીઓએ આપવો પડશે, ચીટનીશ દ્વારા દિન-૬ માં સ્પષ્ટ અભિપ્રાય સાથે નિવાસી અધિક કલેકટરના લોગીનમાં મોકલવાની રહેશે, નિવાસી અધિક કલેકટર પોતાના સ્પષ્ટ અભિપ્રાય સાથે દીન-૬ માં કલેકટરને મોકલશે, જિલ્લા કલેકટરે દિન-૬ માં અરજી પરત્વે આખરી નિર્ણય લેવાનો રહેશે,




# હિંમતનગર ખાતે જિલ્લા કલેકટર લલીત નારાયણ સિંધ સાંદુની અધ્યક્ષતામાં જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ




સાબરકાંઠા જિલ્લા કલેકટર લલીત નારાયણ સિંધ સાંદુ ની અધ્યક્ષતામાં કલેકટર કચેરી સભાખંડ ખાતે જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો.

લોકશાહીને ધબકતી રાખી પ્રજાના કલ્યાણ માટે છેલ્લા ૨૦ વરસથી નિરંતર ચાલી આવતો ગુજરાત સરકારનો સ્વાગત ઓનલાઈન ફરીયાદ નિવારણ કાર્યક્રમ લોકો માટે આધારસ્તંભ બની ગયો છે. આ કાર્યક્રમમાં જિલ્લાના નાગરીકોએ પોતાના પ્રશ્નો રજુ કર્યા હતા.

આ કાર્યક્રમમાં દબાણ દુર કરવા બાબત, જમીન સર્વેક્ષણ બાબત, હેડપંપ લગાવવા , પીવાના પાણીના નિવારણ, પ્લોટ ફાળવણી, ગટર સફાઈ, સહિત વિવિધ વિષયો પર અરજદારો દ્વારા પ્રશ્નો રજુ કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં કલેકટરે જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં અરજદારોને યોગ્ય માર્ગદર્શન આપી તેમના પ્રશ્નોનો ઝડપી નિકાલ આવે તે અંગે સંબંધીત અધિકારીઓને અનુરોધ કર્યો હતો. વધુમાં કલેકટરે વહિવટી તંત્રના તમામ અમલીકરણ અધિકારીઓને લોકોના પ્રશ્નોને શાંતિથી સાંભળી યોગ્ય ઉકેલ લાવવાની દિશામાં કામગીરી કરવા જણાવ્યુ હતું. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી હર્ષદ વોરા, અધિક નિવાસી કલેકટર શ્રી કિષ્ણા વાઘેલા, સહિત તાલુકા વિકાસ અધિકારીઓ તેમજ અન્ય અમલીકરણ અધિકારીઓ અને અરજદારો ઉપસ્થિત રહ્યા હતા.

### ગુજરાતનું મેન્ગ્રુવ મિશનઃ પ્રકૃતિ સંરક્ષણનું વિઝન

# 'મિષ્ટી' યોજના હેઠળ ગુજરાત ૧૯,૫૨૦ હેક્ટર વિસ્તારમાં ચેરના વાવેતર સાથે દેશમાં પ્રથમ

ગુજરાત સૌથી વધુ લાંબો દરિયાકિનારો ધરાવતું રાજ્ય છે. ગુજરાતના દરિયાકાંઠે સમુદ્રની લહેરોની સાથે લીલોતરી ખીલી રહી છે. દરિયાકાંઠાના રક્ષક કહેવાતા મેન્ગ્રુવ એટલે કે ચેરના વૃક્ષોનું વાવેતર નોંધપાત્ર રીતે વધી રહ્યું છે. આ વૃક્ષો ખારા પાણીમાં પણ પોતાનું અસ્તિત્વ સ્થાપીને પ્રકૃતિની સ્થિતિસ્થાપકતાનું પ્રતીક બની રહ્યાં છે. દર વર્ષે વિશ્વભરમાં ૨૬ જુલાઈએ આંતરરાષ્ટ્રીય મેન્ગ્રુવ સંરક્ષણ દિવસ ઉજવવામાં આવે છે. આ વર્ષે પ્રોટેકેટીંગ વેટલેન્ડ ફોર અવર ફ્યુચરની થીમ પર આ દિવસની ઉજવણી કરવામાં આવશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં **'MISHTI- Mangrove Initiative for Shoreline Habitats & Tangible Incomes'** યોજના હેઠળ, ગુજરાતે ૧૯,૫૨૦ હેક્ટરમાં ચેરનું વાવેતર કરીને દેશમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે, જેમાંથી માત્ર કચ્છ જિલ્લામાં જ ૬,૦૦૦ હેક્ટરનું વાવેતર કરવામાં આવ્યું છે.ગુજરાતનું મેન્ગ્રુવ કવર વર્ષ ૧૯૯૧માં ૩૯૭ ચોરસ કિલોમીટરથી વધીને ૨૦૨૧માં ૧,૧૭૫ ચોરસ કિલોમીટર સુધી વિસ્તર્યું છે, જે રાજ્યની મહત્વપૂર્ણ દરિયાઈ ઈકોસિસ્ટમને બચાવવા અને તેને પુનઃસ્થાપિત કરવા માટે ગુજરાત સરકારના નક્કર પ્રયાસો દર્શાવે છે. ગુજરાતમાં છેલ્લા ત્રણ દાયકામાં મેન્ગ્રુવના વિસ્તારમાં નોંધપાત્ર વધારો થયો છે. મેન્ગ્રુવ વૃક્ષોના સંરક્ષણમાં ગુજરાત દેશના અગ્રણી રાજ્યોમાંનું એક છે. રાષ્ટ્રીય સ્તરે ગુજરાત મેન્ગ્રુવ વિસ્તારની દ્રષ્ટિએ પશ્ચિમ બંગાળ બાદ બીજા ક્રમે આવે છે. ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયા **(FSI)** ૨૦૨૩ના અહેવાલ મુજબ, ગુજરાતના મેન્ગ્રુવ વિસ્તારમાં ૨૪૧.૨૯ ચોરસ કિલોમીટરનો નોંધપાત્ર વધારો નોંધાયો છે. આ વૃદ્ધિ માત્ર આંકડાઓની વાત નથી, તે પર્યાવરણીય સંરક્ષણ અને ટકાઉ વિકાસ પ્રત્યે ગુજરાતની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે. મેન્ગ્રુવ વૃક્ષો દરિયાકાંઠાના ધોવાણને રોકવામાં, જૈવવિવિધતાને પ્રોત્સાહન આપવામાં અને કુદરતી આફતો સામે રક્ષણ આપવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

વન અને પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરા અને રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલની આગેવાનીમાં ગુજરાતમાં ચેરના વૃક્ષોનું વાવેતર વધારવા માટેના સંનિષ્ઠ પ્રયાસો પરિણામસ્વરૂપે આજે ચેરનું આવરણ ૧,૧૭૫ ચોરસ કિલોમીટર સુધી વિસ્તર્યું છે. રાષ્ટ્રીય સ્તરે પણ ગુજરાત મેન્ગ્રુવ કવરની દ્રષ્ટિએ બીજું સ્થાન ધરાવે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હંમેશાં પર્યાવરણના સંરક્ષણ થકી સસ્ટેનેબલ ડેવલપમેન્ટ પર ભાર મૂક્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ પર્યાવરણીય સંરક્ષણ અને તેના દ્વારા 'વિકસિત ગુજરાત થી વિકસિત ભારત' ની નેમને સાકાર કરવા માટે ગુજરાત પ્રતિબદ્ધ છે.

સમગ્ર ગુજરાતમાં મેન્ગ્રુવ વૃક્ષોનું વ્યૂહાત્મક વિતરણ

ગુજરાતનું મેન્ગ્રુવ કવર વ્યૂહાત્મક રીતે રાજ્યના ચાર મુખ્ય વિસ્તારોમાં વહેંચાયેલું છે. રાજ્યનો કચ્છ જિલ્લો ૭૯૯ ચોરસ કિલોમીટર મેન્ગ્રુવ કવર સાથે અગ્રેસર છે, જે રાજ્યના મેન્ગ્રુવ કવરનો મોટાભાગનો હિસ્સો ધરાવે છે. મરીન નેશનલ પાર્ક અને અભયારણ્ય સહિત કચ્છનો અખાત, જામનગર, રાજકોટ (મોરબી), પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જેવા વિસ્તારોને આવરી લઈને ૨૩૬ ચોરસ કિલોમીટરનો મેન્ગ્રુવ કવર ધરાવે છે. ખંભાતના અખાત અને ડુમસ-ઉભરાટ વિસ્તારો સહિત રાજ્યનો મધ્ય અને દક્ષિણ ગુજરાત વિસ્તાર કે જેમાં ભાવનગર, અમદાવાદ, આણંદ, ભરૂચ, સુરત, નવસારી અને વલસાડ જિલ્લાઓનો સમાવેશ થાય છે, તે વિસ્તાર ૧૩૪ ચોરસ કિલોમીટર મેન્ગ્રુવ કવર ધરાવે છે.

# ગુજરાતમાં ધો. ૬ થી ૮ ના ગુજરાતી માધ્યમની વિદ્યાસહાયક ભરતી સ્થગિત કરાઈ : હાઈકોર્ટના આદેશ બાદ નિર્ણય લેવાશે

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ ગાંધીનગર દ્વારા ૨૦૨૪ ની વિદ્યાસહાયક ભરતી પસંદગી પ્રક્રિયા સ્થગિત કરી દેવામાં આવી છે. હાઈકોર્ટના આદેશ બાદ શિક્ષણ વિભાગે ધો. ૬ થી ૮ ના ગુજરાતી માધ્યમની વિદ્યાસહાયક ભરતી પ્રક્રિયા સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે. ગુજરાતમાં ધો. ૬ થી ૮ માં વિદ્યાસહાયકોની ભરતી પ્રક્રિયા હાલ પુરતી સ્થગિત કરી દેવામાં આવી છે.

ગુજરાત હાઈકોર્ટના આદેશ બાદ રાજય સરકારે આ નિર્ણય લીધો છે. બે દિવસની જિલ્લા પસંદગી પ્રક્રિયા પુર્ણ થયા બાદ અચાનક ભરતી સ્થગિત કરાતા ઉમેદવારોમાં કયાંક નિરાશા તો કયાંક રાહત જોવા મળી રહી છે. નવી જિલ્લા પસંદગીની તારીખ અંગે ટુંક સમયમાં ફરી જાહેરાત કરવામાં આવશે. મળતી માહિતી પ્રમાણે આ ભરતી પ્રક્રિયાને પડકારતી એક અરજી ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવી હતી. આ અરજી કરનારા ઉમેદવારો એવા હતા જેઓ એમએસસી અભ્યાસની સાથે જ્ઞાન સહાયક તરીકે નોકરી કરતા હતા. તેઓએ આ કોર્ટમાં રજુઆત કરી હતી કે ભરતી પ્રક્રિયામાં કેટલાક મુદ્દાઓ અંગે સ્પષ્ટતા નથી અથવા તો તેમના હિતોને અસર થઈ રહી છે. હાઈકોર્ટે આ અરજીને ધ્યાનમાં લઈને ભરતી પ્રક્રિયા પર રોક લગાવવાનો આદેશ આપ્યો હતો. જેના પગલે ભરતી સ્થગિત કરવાની ફરજ પડી હતી. આ નિર્ણયને કારણે ભરતી પ્રક્રિયામાં ભાગ લેનારા હજારો ઉમેદવારોમાં અસમંજસની સ્થિતિ સર્જાઈ છે. ઘણા ઉમેદવારોએ જિલ્લા પસંદગી પણ કરી લીધી હતી. હવે તેમને નવી તારીખની રાહ જોવી પડશે. શિક્ષણ વિભાગ દ્વારા કોર્ટના આદેશનો અભ્યાસ કરીને આગળની કાર્યવાહી કરવામાં આવશે અને ટુંક સમયમાં જ ભરતી પ્રક્રિયા અંગેની નવી જાહેરાત કરવામાં આવશે. આ ઘટના ફરી એકવાર સરકારી ભરતી પ્રક્રિયાઓમાં કાયદાકીય ગુંચવણો અને તેના કારણે ઉમેદવારોને પડતી મુશ્કેલીઓને ઉજાગર કરે છે.

# મનરેગામાં ગરીબોનુ ભરપુર શોષણ : મજુરોને ઓછુ વેતન પણ મંત્રી પુત્રો અને મળતીયાઓને જ ફાયદો

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાતમાં ટ્રાયબલ વિસ્તારોમાં મનરેગા યોજનાનો મુળ હેતુ બર આવ્યો હોય તેવુ લાગતુ નથી, કારણ કે ગરીબ મજુરોને પુરતી મજુરી પણ મળતી નથી, સરકારી યોજના મનરેગામાં પણ ગરીબોનુ શોષણ થતુ હોય તેવુ લાગી રહ્યુ છે. અન્ય રાજયોની સરખામણીમાં ગુજરાતમાં મનરેગામાં ઓછુ વેતન ચુકવાઈ રહ્યુ છે. આદિવાસી પછાતવર્ગના ઉત્કર્ષના નામે સરકાર મગરના આસું સારી રહી છે. વાસ્તવિકતા એ છે કે મનરેગા જેવી સરકારી યોજનાનો લાભ ગરીબો સુધી પહોચ્યો હોય તેવુ લાગતુ નથી. ખુદ કેન્દ્ર સરકાર નો રીપોર્ટ કહી રહ્યો છે કે ગુજરાતમાં મનરેગાના ગરીબ લાભાર્થીઓની સંખ્યા પણ ઘટી રહી છે. આ ઉપરાંત મનરેગામાં ગરીબ મજુરોને જે દૈનિક મજુરી મળવી જોઈએ તે પુરતી મળતી નથી, લોકસભામાં રજુ થયેલા આંકડા મુજબ હરીયાણામાં મનરેગાના મજુરોને રોજના રૂપીયા ૩૭૪ ચુકવાય છે, ગોવામાં રૂપીયા ૩૫૬, કર્ણાટકમાં ૩૪૯, કેરાલામાં ૩૪૬, પંજાબમાં ૩૨૮, અંદામાન નિકોબારમાં ૩૨૯, દિવ માં ૩૨૪, પાંડુચેરીમાં ૩૧૯ અને મહારાષ્ટ્રમાં ૨૯૭ દૈનિક વેતન ચુકવાય છે. એક બાજુ ગરીબ આદિવાસી પછાતોના મસીહા હોવાનો સરકાર દાવો કરી રહી છે, તો બીજી તરફ સરકાર મનરેગાના વેતનમાં વધારો કરતી નથી. અન્ય રાજયોમાં મનરેગાની મજુરી ૩૦૦ થી વધુ છે. જયારે વાઈબ્રન્ટ વિકસિત ગુજરાતમાં મનરેગામાં રોજ માત્ર ૨૮૦ ચુકવી જાણે ગરીબ મજુરો પર સરકાર ઉપકાર કરતી હોય તેમ લાગી રહ્યુ છે. અત્યારે તો ગુજરાતમાં મનરેગા યોજનાનો મંત્રી પુત્રો અને તેમના મળતીયા ઓ જ ભરપુર ફાયદો ઉઠાવી રહ્યા છે. ગરીબો તેનો લાભ ઉઠાવી શકયા નથી. નર્મદા અને દાહોદ જિલ્લામાં મનરેગામાં મોટાપાયે ગેરરીતી આચરી લાખો રૂપીયા ખિસ્સામાં સેરવી લેવાયા છે. એવુ જાણવા મળ્યુ છે કે સમગ્ર કૌભાંડની તપાસ કરવા ગાંધીનગર થી ટીમ નર્મદા પહોચી હતી. કારણ કે ડ્રોન મોનીટરીંગમાં એવુ માલુમ પડયુ છે કે મજુરો તો આવ્યા જ નથી તેમ છતાંય તેમની હાજરી દેખાડી નાણાં લઈ લેવાયા છે. મનરેગા યોજના હેઠળ તળાવ ઉંડા કરવા, રસ્તા અને નાળા બનાવવા સહિતના કામો કરવા માટે મજુરોની ખોટી હાજરી દર્શાવી નાણાં નુ ચુકવણુ કરી દેવાયું છે.

# માહિતી આયોગે ભરૂચ ટીડીઓને માહિતી ન આપવા બદલ દંડ ફટકાર્યોઃ અરજદારને સમયમર્યાદા માં માહિતી ન આપતા રૂ. ૫ હજારનો દંડ

પ્રતિનિધિ,ગાંધીનગર



કેન્દ્ર સરકારના માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ અન્વયે અરજદારને જરૂરી ફી લઈ માહિતી આપવાની રહેશે. તેઓ માહિતી અધિકાર કાયદો હોવા છતાં કેટલાક અધિકારીઓ માહિતી અધિકારના કાયદાને ઘોળી પી જઈ માહિતી આપતા ન હોવાની ફરીયાદો ઉઠી રહી છે. ત્યારે ભરૂચના હિંગલોટના અરજદાર સુહેલ મુનશી એ આરટીઆઈ હેઠળ માહિતી માંગી હતી, ટીડીઓ દ્વારા માહિતી ન આપતા તેમને આયોગ દ્વારા દંડ ફટકારવામાં આવ્યો છે.

આયોગ દ્વારા તેમને દંડની રકમ જમા કરાવી રીપોર્ટ રજુ કરવાની સુચના પણ આપવામાં આવી છે. મળતી માહિતી અનુસાર હીંગલોટના અરજદાર સુહેલ મુનશી દ્વારા આરટીઆઈ હેઠળ માહિતી માગવામાં આવી હતી. પરંતુ બબ્બે વખત અપીલ કરવા છતાં ટીડીઓ દ્વારા માહિતી ન આપી ઉડાઉ જવાબો આપવામાં આવતા હતા, અરજદારને આમ ખોટી રીતે હેરાન કરવામાં આવી રહ્યો હતો. તે અંગે આયોગમાં અપીલ દાખલ કરવામાં આવી હતી, ભરૂચ ટીડીઓ નરેશ લાડુમોર દ્વારા માહિતી ન આપતા આયોગ દ્વારા રૂપીયા ૫ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે તેમજ નિશ્ચિત સમયમર્યાદામાં દંડની રકમ તીજોરીમાં જમા કરાવવાની રહેશે અને ટીડીઓએ તે અંગેનો રીપોર્ટ આયોગને કરવાનો રહેશે તેવો આદેશ કરવામાં આવ્યો છે.